# મુકેશ ગુજરાતીની લાયકાત હાઈકોર્ટના પટાવાળા બનવાની પણ નથી

**સુઓમોટો** રીટની સુનાવણી વખતે દરમ્યાનગીરી કરતી રીટ કરાશે

**ભાજપના** રાષ્ટ્રીય અધ્યક્ષને રજૂઆત કરવાનો ગુજરાત હાઇકોર્ટ એડ્વોકેટ એસોસિએશનનો ઠરાવ

ગાંધીનગરઃ સુરતના ડીસીપી રાજદીપસિંહ નકુમ સામેની સુઓ મોટો કાર્યવાહી દરમિયાન હાઈકોર્ટના ન્યાયાધીશની ટિપ્પણીના વિરોધમાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરનાર ભાજપના પ્રદેશ બુથ મેનેજમેન્ટ સેલના સંયોજક મુકેશ ગુજરાતીને હવે વકીલોના વિરોધનો સામનો કરવો પડ્યો છે. મુકેશ ગુજરાતીએ ન્યાયતંત્રને પડકારતી પોસ્ટ કરતાં ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશને તાકીદની બેઠક બોલાવી તેમના નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢ્યું છે. એસોસિએશને મુકેશ ગુજરાતીને ભાજપમાંથી દૂર કરવા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનને રજૂઆત કરવાનો નિર્ણય કર્યો છે. સાથે જ ડીસીપી નકુમ સામે હાઈકોર્ટ દ્વારા હાથ ધરાયેલી સુઓ મોટો અરજીમાં એસોસિએશન દ્વારા ઈન્ટરવેન્શન (દરમ્યાનગીરી કરતી) અરજી દાખલ કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

મુકેશ ગુજરાતીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ન્યાયતંત્રને ટાંકતાં લખ્યું હતું કે, 'જજમાં તાકાત હોય તો ચૂંટણી લડીને બતાવે, જનતા શું ઈચ્છે છે તે ખબર પડી જશે.' ડીસીપી નકુમ સામેની કાર્યવાહી દરમિયાન હાઈકોર્ટના ચીફ જસ્ટિસે પોલીસ અધિકારી સામેની તપાસને લઈને કડક વલણ અપનાવ્યું હતું અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો અનાદર કરનાર અધિકારીને હોદા પર રાખીને તપાસ કરી શકાય નહીં, તેમની બદલી કરવાની જરૂર હોવાનું સૂચન કર્યું હતું.

આ પછી મુકેશ ગુજરાતીની પોસ્ટ સામે વકીલોમાં ભારે રોષ ફેલાયો હતો. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રમુખ યતીન ઓઝાની આગેવાનીમાં મળેલી તાકીદની બેઠકમાં મુકેશ ગુજરાતીના નિવેદનની સખત શબ્દોમાં ટીકા કરવામાં આવી હતી. યતીન ઓઝાએ જણાવ્યું હતું કે આ મુદ્દો કોઈ એક ન્યાયાધીશ પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ન્યાયતંત્ર અને કોર્ટની ગરિમાનો પ્રશ્ન છે. એસોસિએશન તરફથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને સંદેશ મોકલી મુકેશ ગુજરાતીને પક્ષમાંથી હાંકી કાઢવાની માંગણી કરવાનો નિર્ણય લેવાયો છે. યતીન ઓઝાએ મુકેશ ગુજરાતીની લાયકાત અંગે પણ આકરી ટીકા કરતાં કહ્યું હતું કે મુકેશ ગુજરાતી હાઈકોર્ટના પટાવાળા બનવાની પણ લાયકાત ધરાવતા નથી. તેમના આ નિવેદનને બેઠકમાં ઉપસ્થિત મોટાભાગના વકીલોએ સમર્થન આપ્યું હતું.

### ડીસીપી નકુમ સામેની સુઓ મોટો અરજીમાં વકીલો જોડાશે

હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશને ડીસીપી રાજદીપસિંહ નકુમ સામે ચીફ જસ્ટિસની કોર્ટ દ્વારા લેવામાં આવેલી સુઓ મોટો અરજીમાં ઈન્ટરવેન્શન અરજી દાખલ કરવાનો પણ નિર્ણય કર્યો છે. આ કેસમાં પોલીસ અધિકારી દ્વારા આરોપીઓ સાથે જાહેરમાં કરવામાં આવેલા કથિત મારપીટના બનાવને લઈને હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી. આ મામલો સામે આવ્યા બાદ આરોપીઓને જાહેરમાં લઈ જઈ માર મારવા અને તેમની સાથે કથિત અમાનવીય વર્તનના દૃશ્યોના વિડીયો વાયરલ થયા હતા. ત્યારબાદ હાઈકોર્ટે મામલાની ગંભીરતા ધ્યાને લઈને સુઓ મોટો કાર્યવાહી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન સરકારી વકીલે નકુમ સામે તપાસ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું. જોકે, ચીફ જસ્ટિસે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો અનાદર કરનાર પોલીસ અધિકારીને હોદા પર રાખીને તપાસ કરવાના મુદ્દે સવાલ ઉઠાવી તેમની બદલી કરવાની જરૂરિયાત દર્શાવી હતી.

### ન્યાયતંત્ર સામેની ટિપ્પણીથી કાનૂની આલમમાં ઉગ્ર પ્રતિક્રિયા

ડીસીપી નકુમ સામે હાઈકોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે ભાજપ નેતા મુકેશ ગુજરાતીની સોશિયલ મીડિયા પોસ્ટ સામે આવતાં કાનૂની આલમમાં ભારે પ્રતિક્રિયા જોવા મળી છે. હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશને આ નિવેદનને ન્યાયતંત્રની સ્વતંત્રતા અને કોર્ટની ગરિમા સામેનું કૃત્ય ગણાવી કડક વલણ અપનાવ્યું છે. હવે ભાજપના કેન્દ્રીય નેતૃત્વ સમક્ષ મુકેશ ગુજરાતીને પક્ષમાંથી દૂર કરવાની માંગણી કરવામાં આવશે, જ્યારે નકુમ સામેની સુઓ મોટો કાર્યવાહી દરમિયાન એસોસિએશન કાયદાકીય રીતે પણ હસ્તક્ષેપ કરશે.

# સુરત જિલ્લામાં ઉમરપાડામાં સૌથી વધુ 22 મીમી વરસાદ

**માંગરોળ** અને ચોર્યાસી સિવાય તમામ તાલુકામાં વરસાદ નોંધાયો, શહેરમાં મહત્તમ તાપમાન ઘટીને 29.3 ડિગ્રી

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં ગઈકાલથી વરસાદી માહોલ યથાવત રહ્યો છે. દિવસ દરમિયાન આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેતાં શહેર તેમજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જોકે, માંગરોળ અને ચોર્યાસી તાલુકામાં વરસાદ નોંધાયો ન હતો.

જિલ્લામાં સૌથી વધુ 22 મીમી વરસાદ ઉમરપાડા તાલુકામાં નોંધાયો હતો. ત્યારબાદ બારડોલીમાં 19 મીમી, અંબિકામાં 12 મીમી, મહુવા અને અરેઠમાં 8-8 મીમી, પલસાણામાં 5 મીમી, કામરેજ અને સુરત તાલુકામાં 3-3 મીમી, માંડવીમાં 2 મીમી અને ઓલપાડમાં 1 મીમી વરસાદ નોંધાયો હતો. માંગરોળ અને ચોર્યાસીમાં વરસાદનો આંકડો શૂન્ય રહ્યો હતો. વરસાદી વાતાવરણની અસર શહેરના તાપમાન પર પણ જોવા મળી હતી. સુરત શહેરમાં મહત્તમ તાપમાન વધુ એક ડિગ્રી ઘટીને 29.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. મહત્તમ તાપમાનમાં ઘટાડાને કારણે દિવસ દરમિયાન પણ વાતાવરણમાં ઠંડકનો અનુભવ થયો હતો. શહેરમાં હવામાં 85 ટકા ભેજ નોંધાયો હતો. સાથે જ દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 10 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. વરસાદી માહોલ અને ભેજના પ્રમાણને કારણે શહેરમાં દિવસભર ઠંડકભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. સુરત શહેર સહિત જિલ્લાના અનેક તાલુકાઓમાં વરસાદ નોંધાતા ચોમાસાની સક્રિયતા ફરી જોવા મળી રહી છે.

### ઉકાઈ ડેમની સપાટી રૂલ લેવલથી ઉપર

બીજી તરફ, ઉકાઈ ડેમની સપાટી આજે પણ રૂલ લેવલથી ઉપર રહી હતી. ડેમની સપાટી 335.02 ફૂટ નોંધાઈ હતી. ઉકાઈ ડેમમાં 23 હજાર ક્યુસેક પાણીની આવક સામે તેટલી જ એટલે કે 23 હજાર ક્યુસેક પાણીની જાવક નોંધાઈ હતી. ડેમની સપાટી રૂલ લેવલથી ઉપર રહેતાં ડેમના પાણીના સ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે. હાલ વરસાદી માહોલ યથાવત રહેતાં આગામી દિવસોમાં ડેમમાં પાણીની આવક અને સપાટીમાં થતાં ફેરફાર મહત્ત્વના રહેશે.

# ટાટા સન્સના નવા ચેરમેનની પસંદગી નોએલ ટાટાની મરજી મુજબ જ થશે



ટાટા સન્સના ચેરમેન બનવા માટે અને ટકી રહેવા માટે તમારાં નામ પાછળ ટાટા સરનેમ હોવી જરૂરી છે. એન. ચંદ્રશેખરન પાસે ટાટા સરનેમ નહોતી, માટે તેમને કમને રાજીનામું આપવાનો નિર્ણય લેવો પડ્યો છે. ચંદ્રશેખરનનાં અચાનક રાજીનામાંનાં મુખ્ય કારણોમાં ટાટા સન્સના બોર્ડમાં તેમના એક્સટેન્શન અંગે સર્વસંમતિનો અભાવ અને ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટા સાથેના વ્યૂહાત્મક મતભેદો સામેલ છે. નોએલ ટાટા ચંદ્રશેખરનના પક્ષમાં નહોતા. ઓક્ટોબર ૨૦૨૪ માં રતન ટાટાના મૃત્યુ પછી ટાટા ટ્રસ્ટની બાગડોર સંભાળનારા નોએલ ટાટા ચંદ્રશેખરનની નીતિઓ અને તેમના કેટલાક નિર્ણયોનો વિરોધ કરતા હતા. નોએલ ટાટાએ એર ઇન્ડિયાનું સંપાદન, ભારે રોકાણો, દેવાં અને સેમિકન્ડક્ટર ફેબ્સ, EV બેટરી અને ટાટા ન્યૂ જેવા નવા વ્યવસાયોમાં થયેલા નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. નોએલ ટાટા ચંદ્રશેખરનને સામાન્ય પાંચ વર્ષની જગ્યાએ બે વર્ષનો કાર્યકાળ આપવાનું પસંદ કરતા હતા, કારણ કે ટાટા ગ્રુપમાં એક્ઝિક્યુટિવ હોદ્દાઓ માટે નિવૃત્તિ વય ૬૫ વર્ષ છે. જોકે, બોર્ડની મંજૂરીથી આ વય મર્યાદા વધારી શકાય છે. નોએલ ટાટા ઇચ્છતા હતા કે ચંદ્રશેખરન લેખિત ગેરંટી આપે કે ટાટા સન્સ ક્યારેય સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થશે નહીં. ચંદ્રશેખરન માનતા હતા કે RBIના નિયમોને કારણે આ નિર્ણય તેમના નિયંત્રણની બહાર છે, તેથી તેઓ આવું વચન આપી શકતા નથી.

નોએલ ટાટા ચાહે તો પણ સીધા ટાટા સન્સના ચેરમેન બની શકતા નથી. ટાટા સન્સના બોર્ડે ફેબ્રુઆરી ૨૦૨૨ માં એક ખાસ ઠરાવ પસાર કર્યો હતો, જેમાં સ્પષ્ટપણે આદેશ આપવામાં આવ્યો હતો કે બંને પેઢીનું નેતૃત્વ અલગ અલગ વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે, જેથી હિતોના સંઘર્ષને ટાળી શકાય અને કોર્પોરેટ ગવર્નન્સમાં સુધારો થાય. નોએલ ટાટા ટાટા ટ્રસ્ટના ચેરમેન છે, તેથી તેઓ ટાટા સન્સના ચેરમેન તરીકેનું પદ સંભાળી શકતા નથી. આ પદ સંભાળનારા છેલ્લા વ્યક્તિ રતન ટાટા હતા, જેમણે ૨૦૧૨ સુધી ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ બંનેના ચેરમેન તરીકે સેવાઓ આપી હતી. રતન ટાટાએ ૨૦૧૨ માં ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું હતું અને સાયરસ મિસ્ત્રીને ટાટા સન્સના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

નટરાજન ચંદ્રશેખરન ૧૯૮૭ માં ટાટા ગ્રુપમાં જોડાયા હતા અને બાદમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસના સીઈઓ અને એમડી બન્યા હતા. ત્યારબાદ તેમણે ૨૦૧૭ માં ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેનનું પદ સંભાળ્યું હતું. ચંદ્રશેખરને ટાટા ગ્રુપમાં ટેકનોલોજી, એરલાઇન્સ, ઇલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડક્ટર્સ અને અન્ય નવા વ્યવસાયોમાં વ્યાપકપણે કામ કર્યું છે. ટાટા સન્સના ચેરમેન તરીકે તેમની કમાણીનો મોટો ભાગ ફક્ત તેમના પગારમાંથી જ નહીં, પરંતુ કંપનીના નફા અને કમિશનમાંથી પણ આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬ માં તેમને ટાટા સન્સ તરફથી કુલ ૧૫૮.૬૬ કરોડ રૂપિયાનું મહેનતાણું મળ્યું હતું. વર્ષના ૩૬૫ દિવસોમાં વિભાજીત કરીએ તો આ રકમ લગભગ ૪૩.૪૭ લાખ રૂપિયા પ્રતિ દિવસ થાય છે. ચંદ્રશેખરનના પગારની સૌથી નોંધપાત્ર વિશેષતા એ છે કે નફા-સંબંધિત કમિશન તેમના પગારનો ઘણો મોટો ભાગ બનાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માં તેમને પગાર અને લાભોમાં ફક્ત ૧૭.૯૭ કરોડ રૂપિયા જ મળ્યા હતા, જ્યારે કમિશન ૧૪૦.૬૯ કરોડ રૂપિયા હતું. તેમનાં મહેનતાણાંના ૮૯ ટકા કમિશનમાંથી આવ્યા હતા.

ચંદ્રશેખરનનાં રાજીનામાંથી છેલ્લા છ મહિનાથી ચાલી રહેલો વિવાદ પ્રકાશમાં આવ્યો છે. બરાબર એક દાયકા પહેલાં જ્યારે સાયરસ મિસ્ત્રીને ૨૦૧૬ માં ટાટા ગ્રુપમાંથી અચાનક દૂર કરવામાં આવ્યા હતા ત્યારે આવો જ વિવાદ ફાટી નીકળ્યો હતો. ફરક માત્ર એટલો છે કે ચંદ્રશેખરનને બોર્ડમાંથી દૂર કરવામાં આવ્યા નથી, પરંતુ તેમણે પોતે પદ છોડવાનો નિર્ણય લીધો છે. ડિસેમ્બર ૨૦૧૨ માં ટાટા

**ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

સન્સનું ચેરમેન પદ છોડ્યા બાદ રતન ટાટાએ સાયરસ મિસ્ત્રીને તેમના સ્થાને પસંદ કર્યા હતા. સાયરસ મિસ્ત્રી ટાટા ગ્રુપની બહારથી આવ્યા હતા અને ટાટા સન્સના હિસ્સેદાર પાલોનજી મિસ્ત્રી પરિવાર સાથે તેમના ગાઢ સંબંધો હતા. જોકે, થોડાં વર્ષોમાં સાયરસ મિસ્ત્રી અને ટાટા ગ્રુપના નેતૃત્વ વચ્ચે વ્યૂહાત્મક મતભેદો વધવા લાગ્યા હતા. ધીમે ધીમે આ સંઘર્ષ એ હદ સુધી વધ્યો કે ટાટા ગ્રુપના નેતૃત્વમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

ટાટા સન્સ બોર્ડે સાયરસ મિસ્ત્રીને ચેરમેન પદેથી દૂર કર્યા અને રતન ટાટાને વચગાળાના ચેરમેન તરીકે નિયુક્ત કર્યા. દેશના સૌથી મોટા ઉદ્યોગ સમૂહના આ અચાનક નિર્ણયથી કોર્પોરેટ જગત હચમચી ગયું હતું, કારણ કે સાયરસ મિસ્ત્રીને ચેરમેનના પદ પરથી દૂર કરવામાં આવ્યા તે ખૂબ જ નાટકીય હતું. સાયરસ મિસ્ત્રીને હટાવવાનું મુખ્ય કારણ વિશ્વાસનો અભાવ હતો. સાયરસ મિસ્ત્રી ટાટા સ્ટીલ (યુરોપ) અને ડોકોમો જેવી ખોટ કરતી કંપનીઓને બંધ કરવા માંગતા હતા, જે ટાટા ગ્રુપની નીતિઓની વિરુદ્ધ હતું. રતન ટાટાના નેતૃત્વ હેઠળના ટાટા ટ્રસ્ટોને લાગ્યું કે સાયરસ મિસ્ત્રી મુખ્ય નિર્ણયો પર તેમનાં મંતવ્યોને અવગણી રહ્યા છે. જાન્યુઆરી ૨૦૧૭ માં રતન ટાટાએ તેમના સૌથી વિશ્વસનીય નટરાજન ચંદ્રશેખરનને ટાટા સન્સના ચેરમેન તરીકે પસંદ કર્યા, કારણ કે ટાટા ગ્રુપને એવી વ્યક્તિની જરૂર હતી, જે ટાટા ગ્રુપની સંસ્કૃતિને સમજે તેવી હોય.

ચેરમેન પદ સંભાળ્યા પછી ચંદ્રશેખરને અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો હાથ ધર્યા હતા. આમાં એર ઇન્ડિયાનું પુનરાગમન પણ સામેલ હતું. ચંદ્રશેખરનનો વાસ્તવિક પડકાર તેમના વ્યવસાયનો વિસ્તાર કરવાનો નહોતો, પરંતુ ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ વચ્ચે સત્તા અને શાસનનું સંતુલન જાળવવાનો હતો. રતન ટાટાના મૃત્યુ પછી જ્યારે નોએલ ટાટા તેમના સ્થાને ટાટા ટ્રસ્ટના ચેરમેન બન્યા ત્યારે આ પડકાર ફરી ઊભરી આવ્યો. ચંદ્રશેખરનનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૭ માં સમાપ્ત થવાનો હતો. તેથી, ફેબ્રુઆરી ૨૦૨૬ માં તેમનો કાર્યકાળ લંબાવવા માટે ચર્ચાઓ શરૂ થઈ.

સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને સર રતન ટાટા ટ્રસ્ટે તેમનો કાર્યકાળ વધારવાની ભલામણ કરી હતી, પરંતુ ટાટા સન્સની બોર્ડ મીટિંગમાં તેમની પુનઃનિયુક્તિ પર સર્વસંમતિ થઇ શકી ન હતી. ચંદ્રશેખરનાં નિવેદન મુજબ બોર્ડના એક સભ્યએ તેમના કાર્યકાળના વિસ્તરણને સમર્થન આપ્યું ન હતું. નોએલ ટાટાએ ટાટા સન્સના સંભવિત લિસ્ટિંગ સહિત અનેક મુદ્દાઓ પર સ્પષ્ટતા માંગી હતી. ચંદ્રશેખરન ખાતરી આપી શકતા નહોતા કે ટાટા સન્સ ક્યારેય સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ નહીં થાય. ચંદ્રશેખરનનાં રાજીનામાંનું આ એક મુખ્ય કારણ ગણાવવામાં આવી રહ્યું છે. બીજું એક પરિબળ એર ઇન્ડિયાનું નાણાંકીય પ્રદર્શન હતું. ૨૦૨૨ માં એર ઇન્ડિયાનું નિયંત્રણ મેળવ્યા પછી, તેને પુનર્જીવિત કરવા માટે રોકાણ અને પુનર્ગઠનની જરૂર હતી. એર ઇન્ડિયાના પ્રદર્શન અંગે પ્રશ્નો ઊભા થતા રહ્યા. ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ વચ્ચે પણ મતભેદો વધ્યા હતા.

ચંદ્રશેખરનાં રાજીનામાં બાદ ટાટા સન્સ હવે નવા ચેરમેનની શોધ કરશે. તે એવી વ્યક્તિ હોવી જોઈએ, જે ટાટા ટ્રસ્ટ અને ટાટા સન્સ વચ્ચે સંતુલન જાળવી શકે. તેણે નોએલ ટાટાના વિશ્વાસ પર ખરા ઊતરવું પડશે અને ટાટા ગ્રુપના વ્યવસાયોને સંકટમાંથી બહાર કાઢવો પડશે. ટાટા સન્સના ચેરમેન પદ માટે ઉમેદવાર વ્યાવસાયિકથી લઈને પરિવારના સભ્ય હોઈ શકે છે. ચેરમેન પદ માટે નોએલ ટાટાના પુત્ર નેવિલ ટાટા અને માયા ટાટા જેવાં નામો ફરતા થઈ રહ્યાં છે, પરંતુ આગામી ચેરમેન કોણ હશે તે કહેવું હજુ વહેલું ગણાશે. જો ટાટા પરિવાર સિવાયના કોઈ અન્ય વ્યક્તિને ટાટા સન્સના ચેરમેન બનાવવામાં આવે તો શું વધુ વિવાદો ઊભા નહીં થાય?

ટાટા સન્સમાંથી એન. ચંદ્રશેખરનનાં રાજીનામાં બાદ ટાટા ટ્રસ્ટે નવા ચેરમેનની શોધ શરૂ કરી દીધી છે. આ હેતુ માટે એક સમિતિની રચના કરવામાં આવશે. ચંદ્રશેખરન ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચેરમેન રહેશે અને તેથી નવા ચેરમેનની પસંદગીની પ્રક્રિયા તે પહેલાં પૂર્ણ કરવાની જરૂર પડશે. હાલમાં આ અંગે ઘણું સ્પષ્ટ નથી, પરંતુ તાજેતરની ઘટનાઓ વચ્ચે બધાની નજર રતન ટાટાના સાવકા ભાઈ નોએલ ટાટા પર છે. નોએલ હાલમાં ટાટા ગ્રુપની એક મહત્ત્વપૂર્ણ શાખા ટાટા ટ્રસ્ટના ચેરમેન છે, જે ટાટા ગ્રુપમાં પ્રભાવ ધરાવતું ટોચનું પદ માનવામાં આવે છે. ટાટા સન્સના ચેરમેનની પસંદગી માટે ટાટા ટ્રસ્ટ જવાબદાર હોવાથી નોએલ ટાટા પોતાનું ધાર્યું જ કરશે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ટાટા સન્સના ચેરમેન પદ માટે નોએલ ટાટાના પુત્ર નેવિલ ટાટા અને માયા ટાટા જેવાં નામો ફરતાં થઈ રહ્યાં છે, પરંતુ આગામી ચેરમેન કોણ હશે તે કહેવું હજુ વહેલું ગણાશે**

## અનુસંધાન ... પાના પહેલાનું

### ઉજ્જૈનના નાગચંદ્રેશ્વર...

મહાકાલેશ્વર મંદિરના ઉપરના માળે આવેલું નાગચંદ્રેશ્વર મંદિર વર્ષમાં માત્ર એક જ વાર નાગપંચમીના દિવસે ખુલે છે. સોમવાર બપોર સુધીમાં 6 લાખથી વધુ ભક્તોએ નાગચંદ્રેશ્વર અને 2 લાખથી વધુ લોકોએ મહાકાલેશ્વરના દર્શન કર્યા હતા. પવિત્ર તહેવારના કારણે સમગ્ર ઉજ્જૈન શહેરમાં ભારે ભીડ અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

ઉજ્જૈન જિલ્લા કલેક્ટર રોશન સિંઘ અને મંદિર સમિતિના પ્રશાસક પ્રથમ કૌશિકે કોઈ પણ પ્રકારની ભાગદોડ કે અફરાતફરીની ઘટનાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. તેમણે વાયરલ વીડિયો અને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરતા જણાવ્યું હતું કે પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે.

### ભાજપની નવી ટીમ:...

સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ પણ પોતાના પદે યથાવત્ રહેશે.

પાર્ટીએ લઘુમતી સમુદાયોને પણ નવી ટીમમાં સ્થાન આપ્યું છે. ઉત્તર પ્રદેશના પૂર્વ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર તારિક મન્સૂરને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કુનવર બાસિત અલીને લઘુમતી મોરચાના અધ્યક્ષ બનાવાયા છે. શીખ, ખ્રિસ્તી, મુસ્લિમ, જૈન અને પારસી સમુદાયોના પ્રતિનિધિઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

ભાજપના IT સેલના વડા અમિત માલવિયાને હટાવીને તેમની જગ્યાએ દીપક મ્હાસ્કેને જવાબદારી સોંપવામાં આવી છે. મ્હાસ્કે કેમિસ્ટ્રીના પ્રોફેસર રહી ચૂક્યા છે અને ચૂંટણી ડેટા એનાલિસિસ, કૃષિ, સરકારી યોજનાઓ તથા પબ્લિક સેક્ટરમાં કામનો અનુભવ ધરાવે છે.

નવી ટીમમાં જાહેર કરાયેલા કુલ 65 પદાધિકારીઓમાંથી 51 નવા ચહેરાઓ છે. તેમાં 6ની ઉંમર 40 વર્ષથી ઓછી છે. ભાજપના સૂત્રોના જણાવ્યા મુજબ, આ ફેરફારનો હેતુ 2029 સુધીની વિધાનસભા ચૂંટણીઓ અને આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓને ધ્યાનમાં રાખીને સંગઠનને મજબૂત બનાવવાનો છે.

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષોની સંખ્યા 11થી વધારીને 13 કરવામાં આવી છે, જેમાં 9 નવા છે. મહાસચિવોની સંખ્યા પણ 7થી વધારીને 8 અને રાષ્ટ્રીય સચિવોની સંખ્યા 11થી વધારીને 16 કરવામાં આવી છે. ભાજપે તમામ રાષ્ટ્રીય મોરચાના અધ્યક્ષોમાં પણ ફેરફાર કર્યો છે. 8 રાષ્ટ્રીય મહાસચિવોમાં 6 નવા ચહેરા છે.

નવી ટીમમાં 23 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રતિનિધિત્વ મળ્યું છે. નીતિન નવીન 45 વર્ષની ઉંમરે ભાજપના સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા હતા અને તેમણે જાન્યુઆરીમાં જે.પી. નડ્ડાનું સ્થાન સંભાળ્યું હતું.

મધ્ય પ્રદેશના બંસીલાલ ગુર્જરને કિસાન મોરચાના અધ્યક્ષ, બિહારના શિવેશ કુમાર રામને SC મોરચાના અધ્યક્ષ અને રાજસ્થાનના મન્નાલાલ રાવતને ST મોરચાના અધ્યક્ષ બનાવાયા છે.

### નવીનની ટીમમાં સામેલ 12 મહિલાઓ

નિતિન નવીનની ટીમમાં 12 મહિલાઓને જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં વસુંધરા રાજેને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, ડી. પુરંદેશ્વરીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, રેખા વર્માને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, વર્ષાબેન દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, ડૉ. ભારતી પવારને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ડૉ. મધુચંદ્ર કરને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. સ્મૃતિ ઈરાનીને રાષ્ટ્રીય મહાસચિવ, કવિતા પાટીલદારને રાષ્ટ્રીય મંત્રી, ફાંગનોન કોન્યાકને રાષ્ટ્રીય મંત્રી અને સંગીતા યાદવને રાષ્ટ્રીય મંત્રી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત રૂપ કુમારી ચૌધરીને મહિલા મોરચાના અધ્યક્ષ અને પ્રીતિ ગાંધીને સોશિયલ મીડિયા સહ-સંયોજકની જવાબદારી સોંપવામાં આવી છે.

### વય જૂથ સમીકરણ

6 હોદ્દેદારો 40 વર્ષથી નાની ઉંમરના છે, 15 નેતાઓ 40 થી 49 વર્ષના અને 21 નેતાઓ 50 થી 59 વર્ષની વયજૂથના છે.

**લઘુમતી અને સામાજિક સમાવેશ**

લઘુમતી સમુદાયોમાંથી 6 નેતાઓને સ્થાન આપવામા આવ્યું છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પૂર્વ વીસી પ્રો. તારિક મન્સૂરને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કુંવર બાસિત અલીને મિલિટી મોરચાના અધ્યક્ષ બનાવાયા છે. ટીમમાં શિખ, ખ્રિસ્તી, જૈન અને પારસી સમુદાયના પ્રતિનિધિઓ પણ સામેલ છે.

### ઉત્તર-પૂર્વ વિસ્તાર...

4 આદિવાસી પ્રતિનિધિઓને સ્થાન મળ્યું છે, જેમાં 2 મહિલાઓ છે. અનુસૂચિત જાતિ (SC)નું પ્રતિનિધિત્વ ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને મધ્ય પ્રદેશના 3 સભ્યો દ્વારા કરવામાં આવ્યું છે.

### ગુજરાતના નેતાઓને...

યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ગુજરાત ભાજપની સત્તાવાર યાદીમાં વર્ષાબેન દોશીનું નામ પ્રદેશ પદાધિકારી તરીકે પણ નોંધાયેલું છે. ઉપરાંત જગદીશ ઈશ્વરભાઈ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય સચિવ બનાવવામાં આવ્યા છે.

### તેજસ્વી સૂર્યા-અમિત...

ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ બનાવાયા હતા. હવે તેમના સ્થાને ગુજરાતના હેમાંગ જોશીને યુવા મોરચાના અધ્યક્ષ બનાવાયા છે. 13 રાષ્ટ્રીય ઉપાધ્યક્ષોની નવી યાદીમાંથી સરોજ પાંડે, ડી.કે. અરુણા, એમ. ચુબા આઓ, અબ્દુલ્લાકુટ્ટી, લક્ષ્મીકાંત બાજપાઈ અને લતા ઉસેંડી સહિતના નેતાઓને હટાવાયા છે. બીજી તરફ વસુંધરા રાજે, બૈજયંત જય પાંડા અને તારિક મન્સૂરને યથાવત્ રાખવામાં આવ્યા છે. રાષ્ટ્રીય મહાસચિવોમાં માત્ર વિનોદ તાવડે અને સુનીલ બંસલને જ જાળવી રાખવામાં આવ્યા છે.

### અમિત માલવિયાની...

કાયમી આમંત્રિત સભ્ય પણ છે. મ્હાસ્કે અગાઉ કેમિસ્ટ્રીના પ્રોફેસર રહી ચૂક્યા છે અને એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડમાં સ્વતંત્ર ડિરેક્ટર તરીકે સેવા આપી હતી. મ્હાસ્કે ચૂંટણી ડેટા એનાલિસિસ, કૃષિ, સરકારી યોજનાઓ તથા પબ્લિક સેક્ટરમાં કામનો અનુભવ ધરાવે છે. માલવિયાએ તેમને શુભેચ્છા પાઠવી અને કહ્યું કે ભાજપનું ડિજિટલ સંચાર નવી ઊંચાઈ હાંસલ કરશે. માલવિયા 2009માં 'ફ્રેન્ડ્સ ઓફ BJP' મારફતે ચર્ચામાં આવ્યા હતા અને 2015માં પાર્ટીના આઈટી વિભાગના વડા બન્યા હતા.

### પિયુષ ગોયલને...

બાબતની અટકળોને વેગ મળ્યો છે. ગોયલ હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેબિનેટમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય સંભાળી રહ્યા છે. પીયૂષ ગોયલની આ મહત્વપૂર્ણ સંગઠનાત્મક પદ પર નિમણૂક થતાં એવી અટકળો તેજ થઈ છે કે આગામી દિવસોમાં મોદી કેબિનેટના સંભવિત વિસ્તરણ અથવા ફેરબદલમાં તેમને મંત્રીપદેથી હટાવવામાં આવી શકે છે. આનું કારણ ભાજપનો અલિખિત એક વ્યક્તિ, એક પદનો સિદ્ધાંત છે, જે વડાપ્રધાન મોદી અને વર્તમાન ગૃહમંત્રી અમિત શાહ દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો હતો. આથી, ગોયલની નિમણૂક એક પ્રશ્ન ઊભો કરે છે કે શું આ સંકેત છે કે સરકારમાં ગોયલની ભૂમિકા પૂરી થવા જઈ રહી છે અને સંગઠનમાં તેમની નવી ઈનિંગ શરૂ થઈ રહી છે? ગોયલને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી તરીકે હટાવવામાં આવશે તેવી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. તેમના પિતા પણ ભાજપના ખજાનચી રહ્યા હતા. એ યાદ રાખવું પણ જરૂરી છે કે ગોયલ હાલમાં અમેરિકા સાથેના મુક્ત વેપાર કરારની વાટાઘાટોનું નેતૃત્વ કરી રહ્યા છે. વળી ભાજપનો "એક વ્યક્તિ, એક પદ" નો નિયમ આત્યંતિક નથી. આનો સૌથી મોટો અપવાદ ભૂતપૂર્વ ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડા હતા. જૂન ૨૦૨૪માં, નડ્ડા ભાજપ પ્રમુખ પદે ચાલુ રહેવા સાથે કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને રસાયણ અને ખાતર મંત્રી તરીકે મોદી કેબિનેટમાં પાછા ફર્યા હતા.

મોદી કેબિનેટમાં વિસ્તરણ/ફેરબદલની અટકળો મહિનાઓથી ચાલી રહી છે. રાજકીય વિશ્લેષકોના મતે, NEET મુદ્દે વિપક્ષના વિરોધ અને યુવાનોના વિરોધ પ્રદર્શનને કારણે આ ફેરબદલ અટકી ગયો હતો. તાજેતરની સંગઠનાત્મક નિમણૂકો આ ચર્ચાઓને ફરીથી વેગ આપી શકે છે. હાલ પૂરતું, ગોયલ મોદી કેબિનેટમાંથી બહાર થઈ રહ્યા છે તેવો કોઈ સત્તાવાર સંકેત નથી. જો કે કેન્દ્રીય સામાજીક ન્યાય ખાતાના રાજ્ય કક્ષાના મંત્રી રામદાસ આઠવલેએ આજે જણાવ્યું હતું કે કેન્દ્રીય કેબિનેટમાં ટૂંક સમયમાં ફેરફાર થઈ શકે છે. આ ઉપરાંત તેમણે એનસીપીના શરદ પવાર જૂથના સાંસદોને એનડીએ સરકારમાં જોડાવા વિનંતી કરી હતી. પત્રકારો સાથે વાત કરતા આઠવલેએ કહ્યું હતું કે ભાજપમાં સંગઠનીય ફેરફારો પછી કેન્દ્રીય મંત્રી મંડળમાં ખૂબ ટૂંક સમયમાં ફેરફારો થઇ શકે છે.

### દેશના ૩૨૬ સાંસદો...

4,000થી વધુ ફોજદારી કેસો પેન્ડિંગ છે. એફિડેવિટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દેશના 28 રાજ્યોમાંથી 14 રાજ્યોના મુખ્યમંત્રીઓ સામે પણ ગંભીર ગુનાઓ સહિતના ફોજદારી કેસો ઘોષિત થયેલા છે. આંકડાઓ અનુસાર, તેલંગાણાના મુખ્યમંત્રી અનુમુલા રેવંત રેડ્ડી સામે સૌથી વધુ 89 કેસ છે, ત્યારપછી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સામે 29 કેસ અને કર્ણાટકના મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર સામે 19 કેસ છે. હંસારિયાએ રજૂઆત કરી હતી કે ઝડપી ટ્રાયલ સુનિશ્ચિત કરવા માટે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા કેસોનું સતત નિરીક્ષણ કરવામાં આવતું હોવા છતાં, 2018થી સાંસદો અને ધારાસભ્યો સામે પેન્ડિંગ ક્રિમિનલ કેસોની સંખ્યા લગભગ તેટલી ને તેટલી જ રહી છે. વિવિધ હાઈકોર્ટના ડેટા એકત્રિત કરીને એમિકસ ક્યુરીએ સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે 2025માં 1,243 ફોજદારી કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો, જ્યારે તે જ વર્ષમાં 1,050 નવા કેસ નોંધાયા હતા. તેમણે કોર્ટને જણાવ્યું કે ભૂતપૂર્વ અને વર્તમાન સાંસદો/ધારાસભ્યો સામે પેન્ડિંગ કેસોની કુલ સંખ્યા 4,192 છે. "લોકસભામાં 543 માંથી 251 સભ્યો સામે ફોજદારી કેસ છે, જેમાંથી 170 કેસ ગંભીર ફોજદારી ગુનાના (પાંચ વર્ષ કે તેથી વધુની કેદની સજાને પાત્ર) છે. રાજ્યસભામાં 233માંથી 75 (33 ટકા) સભ્યો સામે ફોજદારી કેસો છે, જેમાંથી 40(18 ટકા) ગંભીર પ્રકારના કેસો છે, એમ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા પ્રકાશિત અહેવાલનો સંદર્ભ આપતા એફિડેવિટમાં જણાવવામાં આવ્યું હતું.

### ફરીથી E10 પેટ્રોલ...

જમીન અને પાણી ફાળવ્યા પછી તેને પાછા મેળવવું ખૂબ મુશ્કેલ બની શકે છે. આ બાબત 'ખોરાક વિરુદ્ધ બળતણ' ના પ્રશ્નને ભારતની ઈથેનોલ નીતિના કેન્દ્રમાં મૂકે છે.

ભારત શેરડી તેમજ મકાઈ, ચોખા અને અન્ય અનાજમાંથી ઈથેનોલ બનાવે છે. જેમ જેમ ઈથેનોલની માંગ વધે છે, તેમ ડિસ્ટિલરીઝના રૂપમાં આ પાકોને બીજો એક મોટો ખરીદદાર મળી જાય છે. આ એક પાયાનું આર્થિક સમીકરણ ઊભું કરે છે. એક જ પાકનો ઉપયોગ બળતણ બનાવવા માટે થઈ શકે છે અથવા ખોરાક, પશુ આહાર અને અન્ય ઔદ્યોગિક બજારો માટે થઈ શકે છે.

### રાતોરાત નવી પાર્ટી...

મૂળ મંત્ર છે– 'વિચારો, રિસર્ચ કરો અને વિરોધ કરો'. ઈન્સ્ટાગ્રામ બાયો મુજબ પાર્ટીના સ્થાપક એક 'દિમાગી ભારતીય' છે, જ્યારે સહ-સ્થાપક કોઈ 56 ઈંચ ધરાવતી વ્યક્તિ છે. આ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ કઈ તારીખે બનાવવામાં આવ્યું હતું તેની ચોક્કસ માહિતી નથી, પરંતુ એકાઉન્ટ ઓગસ્ટ 2026ની આસપાસ જ બનાવવામાં આવ્યું છે. આ આખો ઘટનાક્રમ ત્યારે સામે આવ્યો છે, જ્યારે લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ પર દેશજોગ ભાષણ આપ્યું હતું. જેમાં તેમણે 'દિમાગી નક્સલ' કહેવાતા લોકો સામે ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે સરકારે હથિયારબંધ માઓવાદીઓ સામે જીત મેળવી લીધી છે, પરંતુ તેમની વિચારધારા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા લોકો હજુ પણ યુવાનોને પ્રભાવિત કરવા અને તેમનું બ્રેનવોશ કરવાની તકો શોધી રહ્યા છે. તેમણે આવા 'દિમાગી નક્સલો'ને ઓળખીને તેમને અલગ તારવવાની અપીલ કરી હતી. આ કથિત સોશિયલ મીડિયા પાર્ટીએ સોમવારે આરોપ લગાવ્યો છે કે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સાયબર અટેક થયો છે. તેણે કહ્યું હતું કે આ રીતે અમારો અવાજ દબાવી શકાશે નહીં.

### દિલ્હી ડાયરી...

પણ ઇન્સ્ટાગ્રામ અને જેન ઝીમાં લોકપ્રિય અન્ય પ્લેટફોર્મ્સ પર વધુ સક્રિય થવાનો નિર્દેશ આપ્યો છે. વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનના સમયગાળા દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઇન્સ્ટાગ્રામ રીલ્સનો ધડાકો પણ આ જ સંપર્ક પ્રક્રિયાનો એક ભાગ લાગે છે. આ ફેરફાર પાછળ આંતરિક ચિંતા પણ જવાબદાર છેઃ ૪૬ વર્ષીય નીતિન નબીનને ભાજપ પ્રમુખ બનાવવાથી કદાચ યુવાનો સાથે ધાર્યો સંપર્ક સ્થાપિત થઈ શક્યો નથી, જેવી આશા હતી.

**આપના ધારાસભ્યોને બહાર ફેંકી દેવાનો નિર્દેશ**

દિલ્હીના મંત્રી અને ભાજપના નેતા પરવેશ સાહિબ સિંહ વર્માએ દિલ્હી વિધાનસભાના તાજેતરમાં યોજાયેલા સત્ર દરમિયાન માર્શલોને ચોખાની ખરીદીમાં થયેલા કથિત કૌભાંડ સામે વિરોધ કરી રહેલા આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્યોને 'બહાર ફેંકી દેવાનો' નિર્દેશ આપ્યો હતો. વર્મા, જેઓ પોતાની અણધારી ક્રિયાઓ અને બેદરકાર કાર્યશૈલી માટે જાણીતા છે, તેઓ આ વાતથી અજાણ રહ્યા કે માર્શલ્સ માત્ર સ્પીકરના નિર્દેશ પર જ કામ કરે છે. મંત્રીએ વિધાયક કામગીરીની નિર્ધારિત પ્રક્રિયાઓ અને સ્પીકરની સત્તાઓની પરવા કર્યા વગર માર્શલો પર બૂમો પાડવાનું શરૂ કરી દીધું: "પ્યાર પ્યાર સે મત લેકે જાયા કરો, ઇસકો બાહર ફેંકો" ("આટલા પ્રેમથી બહાર ન લઈ જાઓ, એમને બહાર ફેંકી દો"). અને જુઓ, માર્શલોએ તેમના નિર્દેશોનું પાલન કર્યું અને 'આપ'ના ધારાસભ્યોને ગૃહમાંથી બહાર ફેંકી દીધા. જે બાબતે આ મુદ્દાને વધુ વિવાદાસ્પદ અને ચિંતાજનક બનાવ્યો તે એ હતો કે સ્પીકરે મંત્રીની આ ગંભીર ભૂલ પર તાત્કાલિક કાર્યવાહી કરવાના બદલે તેને અવગણવાનું પસંદ કર્યું. જ્યારે દરેક વ્યક્તિ એવી અપેક્ષા રાખી રહી હતી કે સ્પીકર આવી ગંભીર ક્ષતિ બદલ ભૂલ કરનાર મંત્રીને ફટકાર લગાવશે, ત્યારે સ્પીકર અને શાસક પક્ષે આ બાબત પ્રત્યે રહસ્યમય મૌન સેવી લીધું.

**જેન ઝીમાં રવિ કિશનની લોકપ્રિયતા**

ઉત્તર પ્રદેશના ગોરખપુરથી ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના સાંસદ હાલમાં જેન ઝીમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. આજકાલ તેમની અનોખી શૈલીના મીમ્સ અને તેમના પોડકાસ્ટની ક્લિપ્સ ખૂબ વાયરલ થઈ રહી છે. જોકે, કોકરોચ જનતા પાર્ટીના બેનર હેઠળ જેન ઝી દ્વારા કરવામાં આવેલા નીટ પેપર લીક વિરોધ પ્રદર્શનો પર કિશને મૌન જાળવી રાખ્યું છે. પ્રદર્શનકારીઓએ તેમની પાર્ટીને ઘેરી લીધી હતી.








